ओ३म्
॥ कृण्वन्तो विश्वमार्यम् ॥
# आर्य वैदिक दर्शन
**Arya Vaidik Darshan**
(Monthly)
**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર**

जिंदगी तब 'बहेतर' होती है जब आप खुश होते हैं, लेकिन
जिंदगी तब 'बहेतरीन' होती है जब आपकी वजह से लोग खुश होते है।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : २०७१ |
| दयानन्दाब्द | : १९१ |
| वर्ष | : २ |
| अंक | : १ (फरवरी -२०१५) |
| वार्षिक शुल्क | : १००रुपये |
| पृष्ठ संख्या | : ८ |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित, सम्पादक–सुरेशचन्द्र अग्रवाल

## ગુજરાતનાં આર્યોનું આર્યપરિવાર સ્નેહમિલન - ૨૦૧૪-૧૫ સંપન્ન...
## ૧૬ જિલ્લાના આર્યો ઉપસ્થિત રહ્યાં
## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું સફળ આયોજન

મહર્ષિ દયાનંદ દ્વારા સ્થાપિત આર્યસમાજની વૈચારિક ક્રાંતિને આત્મસાત કરી સ્વજીવન ધન્ય બનાવનાર અને ગુજરાતમાં વસતા વેદાનુરાગી આર્ય પરિવારો પરસ્પર વિચારો કેળવે, પહોંચાડવાની આપ-લે કરે અને વૈદિક ધર્મને જન-જન સુધી પહોંચાડવાની નવ પ્રેરણા મેળવે એવી ઉમદા ભાવનાને સાર્થક કરવા ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્ય પરિવાર સ્નેહ મિલન - ૨૦૧૪-૧૫ ગત તા. ૨-૩-૪ જાન્યુઆરી - ૨૦૧૫ ના લકુલીશ ધામ, પ્રિતમપુરમ, કાયાવરોહણ, જિ. વડોદરા ખાતે યોજાઇ ગયું. જેમાં ગુજરાતનાં ૧૬ જિલ્લામાંથી ૩૦૦ જેટલાં આર્ય નર-નારીએ ભાગ લીધો. અને સ્નેહ મિલનના ઉદેશ્યને સાર્થક કરવા વિવિધ કાર્યક્રમોમાં જોડાયા. તા. ૨ જાન્યુઆરીના રોજ સાંજથી ગુજરાતના દૂર-દૂર સ્થળોએથી આર્યો આવવા લાગ્યા. નોંધણી વગરે બાદ સ્વાગત અને સ્વામી વિવેકાનંદજીનું પ્રવચન રહ્યું.




સ્નેહ મિલનના દ્વિતીય દિવસનો પ્રારંભ પરિચય સત્રથી કરવામાં આવ્યો. જેમાં વિભિન્ન સ્થળોએથી આવેલા આર્ય ભાઇ-બહેનોએ પોતાનો પરિચય આપ્યો. તેમજ પોતાને ત્યાં કરવામાં આવતી વેદ પ્રચારની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો. ત્યાર બાદ આર્ય સદસ્ય / સભાસદ સંતાનોએ શૈક્ષણિક અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરતા તેઓને પ્રમાણપત્ર અને પુરસ્કારથી બિરદાવવામાં આવ્યાં. ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ પ્રકારે આર્ય સંતાનોને સભા દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે. ચાલુ વર્ષે તમામ (૨૭) આર્ય સંતાનોને શ્રી વિજયભાઇ બોરીચા (કોષાધ્યક્ષ આર્યસમાજ, હાથીખાના, રાજકોટ) તરફથી કાંડા ઘડિયાળ પુરસ્કાર તરીકે આપવામાં આવી હતી.

પ્રથમ સત્રનું સમાપન સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકના પ્રવચનથી કરવામાં આવ્યું. પૂ. સ્વામીજીએ માનવ જીવનનું લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ અને તેના ઉપાયોની ચર્ચા કરી.

દ્વિતીય સત્રનો પ્રારંભ ભજનથી કરવામાં આવ્યો. શ્રીમતી એસ. આર. મીના (વડોદરા) એ મધૂર ભજન રજૂ કરી નારી શક્તિને સમાજમાં સ્થાન આપવામાં આર્યસમાજના યોગદાન વિશે વકતવ્ય આપ્યું. જેને સૌ શ્રોતાઓએ આવકાર્યું.

આ સત્રમાં દંપતી સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જે દંપતીએ પોતાના લગ્નજીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેઓને સભા દ્વારા શાલ ઓઢાડી સન્માનવામાં આવે છે. આ વર્ષે ૮ (આઠ) દંપતીઓનું સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ આચાર્ય જ્ઞાનેશ્વરજીનું મનનીય પ્રવચન શ્રોતાઓમાં જોશ ભરનારૂ સાંભળવા મળ્યું. આચાર્યજીએ જણાવ્યું કે આ પ્રકારનાં સંમેલનોથી પરસ્પર પરિચય કેળવાય છે, પ્રેમ વધે છે. આચાર્યજીએ આગળ જણાવ્યું કે આર્યસમાજમાં આવવાથી જાતિ-પાંતિનો ભેદ મટી જાય છે. આર્યસમાજ-આર્યસંગઠનનું કામ એક સાવરણી જેવું છે. જેના દ્વારા અવૈદિકતાનો નાશ કરવાનો છે. આર્યસમાજનું સૌથી મોટુ કાર્ય લોકોના માનસમાં એ બેસાડવાનું છે ઇશ્વર એક છે, સર્વવ્યાપક છે, સર્વજ્ઞ છે. નાનામાં નાનો આર્યસમાજી પણ અન્ય સંપ્રદાયોનાં વડાઓ કતા વધુ જ્ઞાની હોય છે. જેની પાસે મૂડી (પૂંજી) કોઇ હોય અને તેને જરૂર હોય ત્યારે વાપરે નહીં તો તે કંજૂસ કહેવાય. આર્યસમાજી પાસે જ્ઞાનરૂપી મૂડી છે. તેનો લાભ અન્યને આપીએ. કંજૂસ ન બનીએ.

આચાર્યના પ્રવચન બાદ બાળકો, યુવાનો, મહિલાઓ માટે રમત-ગમતનું સત્ર રાખવામાં આવ્યું. લકુલીશ ધામના વિશાળ પ્રાંગણમાં પથરાયેલી હરિયાળી - લોનમાં રમત-ગમત માટે સૌ એકઠાં થયાં. વોલીબોલ, બેડમિંટન, સંગીત ખુરશી જેવી રમતો તેમજ બહેનોએ વૈદિક ગીતો આધારિત રાસડાંનો આનંદ લીધો. સાયંકાલિન વેળાએ આશરે દોઢ કલાક સુધી સૌએ આનંદ - કિલોલ કર્યો. આ સમય દરમ્યાન પ્રૌઢ-વૃદ્ધ આર્ય પુરુષોએ અને માતાઓએ આશ્રમની સફાઇમાં સ્વૈચ્છિક યોગદાન આપ્યું, અને ભૌતિક પર્યાવરણને સ્વચ્છ બનાવ્યું.

સાયંકાળે સંધ્યા અને ભોજન બાદ ભ્રમણ અને શ્લોક ગાન રાખવામાં આવ્યું. જેમાં આશ્રમની લોનમાં સામૂહિક રીતે સૌ કતારબદ્ધ જોડાયા અને શ્લોકગાન કરતા-કરતાં ભ્રમણ કર્યું. આ પ્રક્રિયામાં શ્રી રાજેશભાઇ પારેખ (પ્રમુખ આર્યસમાજ - ભાવનગર)એ યોગદાન આપ્યું.

અનુસંધાન પાના નં. ૪ પર...

## આર્યસમાજ, હાથીખાના, રાજકોટના સ્વર્ણજયંતિ વર્ષ અને શ્રી પોપટભાઇ ચૌહાણની જન્મશતાબ્દી સન્માન યોજાયું

આર્યસમાજ હાથીખાના, રાજકોટની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થયા હોય સુવર્ણ જયંતિ વર્ષ તરીકે સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો અને આર્યસમાજના પ્રમુખ શ્રી આર્ય પોપટભાઇ ચૌહાણના તંદુરસ્ત જીવનના સો વર્ષ પૂર્ણ થતા જન્મ શતાબ્દી સમારંભ તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના યોજવામાં આવ્યો. જેનાં અધ્યક્ષ સ્થાને સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન માનનીય શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલ બિરાજ્યા હતાં.



સમારંભના પ્રથમ દિવસે વેદકથાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના વક્તા તરીકે સ્વામી શાન્તાનન્દ સ્વામીજીએ વેદ અને વેદાનુકૂલ ગ્રન્થોનો આછેરો પરિચય આપ્યા બાદ વેદ અને માનવજીવન તથા ગૃહસ્થ ધર્મ વિશે સમજણ આપી હતી. સરળ અને ભાવનાત્મક શૈલીમાં વેદનાં ગૂઢ તત્વજ્ઞાનને રજુ કર શ્રોતાઓમાં ભક્તિનો સંચાર કરી દીધો હતો. વેદકથા દરમ્યાન શ્રી વલ્લભપ્રસાદજી (છત્તીસગઢ) ના મધુર ભજનોનો લાભ મળ્યો હતો.

બીજા દિવસે મુ. શ્રી પોપટભાઇ ચૌહાણના સન્માનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય વક્તા તરીકે આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય (રોજડ) ઉપસ્થિત રહ્યાં. મુખ્ય મહેમાનોમાં આચાર્ય રામદેવ શાસ્ત્રી (ટંકારા), શ્રી જયદેવભાઇ આર્ય (રાજકોટ) સુ. શ્રી નલિનીબેન (શ્રી પોપટભાઇના સુપુત્રી-યુ.કે.), શ્રી સુરેશભાઇ ચાવડા (રાજકોટ) તેમજ આર્યસમાજ પોરબંદર, ટંકારા, ગાંધીધામ, સરેન્દ્રનગર, મોરબી, જામનગર, ધ્રાંગધ્રા, વઢવાણ, ભાવનગરના અધિકારીઓને સદસ્યો તેમજ વિશ્વ હિન્દુ પરિષદ, ગ્રાહક સુરક્ષા પંચાયત, વેદજ્ઞાન ટ્રસ્ટ-ખરેડી અને સાયલા વગેરે સંસ્થાઓનાં અધિકારીઓ હાજર રહ્યાં હતાં, અને મુ. શ્રી પોપટભાઇને શાલ, પાઘડી, સાફો, સ્મૃતિચિહ્ન વગેરે વડે સમ્માન કરી સુદીર્ઘ જીવનની કામના કરી હતી.

આર્યસમાજ, હાથીખાના રાજકોટ દ્વારા સન્માનપત્ર તેમજ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પણ સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યુ હતું કે શ્રી પોપટભાઇનું શતાયુ થવું એટલું મહત્ત્વનું નથી. પરંતુ જેટલી તંદુરસ્તી છે, આંખ, કાન, હાથ-પગ, પાચનક્રિયા વગેરે સંપૂર્ણ સક્રિય છે, વળી તેઓની નિયમિતતા સ્વાધ્યાયશીલતા, શાંત અને ધૈર્ય વગેરે ગુણો અન્ય સૌને પ્રેરણાદાયી છે. દરેક વ્યક્તિ જો આહાર, વિહારમાં નિયમિતતા અને ઇન્દ્રયો ઉપર સંયમ રાખે - બ્રહ્મચર્યનું પાલન કરે તો દીર્ઘાયુંને પ્રાપ્ત કરી શકે છે. આચાર્યજીએ દરેકને ઇશ્વર વિશ્વાસું-ઇશ્વર ભક્ત બનવા પ્રેરણા આપી હતી. આચાર્યજીએ શ્રી પોપટભાઇની દાનવીરતા અને સમાજ સેવાનાં ગુણોને બિરદાવતા જણાવ્યું કે કોઇ પણ વ્યક્તિ માત્ર ઇશ્વર ભક્ત બને અને સમાજથી અલિપ્ત રહે તે જીવનની અધૂરપ છે. દરેક વ્યક્તિએ સમાજ સેવક બનવું જોઇએ.



અંતમાં મુ. શ્રી પોપટભાઇએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે મારું સન્માન કરનારને આભારી છું, ગળગળા હૃદયની વાણી બોલતા તેઓએ કહ્યું કે હું ઇશ્વરને પ્રાર્થના કરૂ છું કે દરેકને મારી શતાયુ જેમ પ્રાપ્ત થાય. હું ઇશ્વરને એ પણ પ્રાર્થના કરૂ છું કે આવતો જન્મ મને એવા માત-પિતાના ઘરે મળે કે જેથી આ જીવનમાં રહેલા સમાજ સેવાનાં અધૂરા કાર્યો કરવાની શક્તિ અને સમર્થ્ય મળે.

સમારંભનો પ્રારંભ યજ્ઞ અને પ્રજાસત્તાક દિન નિમિત્તે સુરેશચન્દ્ર અગ્રવાલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી કરવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રી પોપટભાઇના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સમારંભને સફળ બનાવવા આર્યસમાજના મંત્રી રણજીતસિહં પરમાર, ઉપપ્રમુખ પ્રવીણભાઇ ઠાકર, ગોવિંદભાઇ પટેલ તથા તમામ સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

## આર્યસમાજ જૂનાગઢ દ્વારા વેદ પ્રચાર

આર્યસમાજ, જૂનાગઢ દ્વારા વેદ પ્રચારમાં આયોજનો થતાં રહે છે. ગત તારીખ ૧૧-૧-૨૦૧૫ ના રવિવારીય સપ્તાહિક સત્સંગમાં વિશેષ વક્તા તરીકે શ્રી ઘનશ્યામભાઇ ચાવડા (ધ્રાંગધ્રા) નું પ્રવચન રાખવામાં આવ્યું. તેઓએ યોગનાં આઠ અંગોની સમજણ આપી ઇશ્વર પ્રાપ્તિનો માર્ગ સમજાવ્યો હતો. શ્રી ઘનશ્યામભાઇનું બીજુ પ્રવચન વરિયા વૈશણવ પ્રજાપતિ જ્ઞાતિની જગ્યામાં આયોજિત ૨૧ કુંડી યજ્ઞમાં રાખવામાં આવ્યું. આ આયોજન આર્યસમાજ જૂનાગઢ દ્વારા કરવામાં આવેલ હતું. શ્રી ઘનશ્યામભાઇએ યજમાનો આશીર્વાદ આપતા જણાવ્યું કે યજ્ઞ એ દરેક મનુષ્યોએ કરવાનું કર્તવ્ય છે. આથી યજ્ઞ નિયમિત કરવાનું વ્રત લેવું જોઇએ. ભગવાન શ્રી કૃષ્ણ અને ઋષિ મુનિઓએ પણ નિયમિત યજ્ઞ કરતા હતાં.

આ પ્રસંગે આર્યસમાજ દ્વારા વૈદિક સાહિત્ય ભેંટ આપવામાં આવ્યુ હતું. આ કાર્યકમને સફળ બનાવવા આર્યસમાજનાં મંત્રી શ્રી કાંતિભાઇ, શ્રી હુંદરાજભાઇ, પ્રવીણાબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. આભાર વિધિ યુવક મંડળ પ્રમુખ શ્રી જિતેન્દ્રભાઇએ કરી હતી.

ईस मास के विशिष्ट व्यक्ति

# મહર્ષિ દયાનંદ – મારી નજરે...

લેખક : સ્વામી વિદ્યાનંદ સરસ્વતી અનુવાદ : ભાવેશ મેરજા

શરીરની બનાવટ જોતાં બધા જ માણસો આપણને એક જેવા જણાય છે. પરંતુ તેમ છતાં દરેક માણસમાં કોઇને કોઇ વિલક્ષણતા જરૂર રહેલી હોય છે. આવી વિલક્ષણતાને કારણે જ તેની આગવી ઓળખ ઊભી થાતી હોય છે. આવી વિલક્ષણતા મોટે ભાગે અવ્યપદેશ્ય-શબ્દનિરપેક્ષ હોય છે. આપણે તેનો અનુભવ તો કરી શકીએ છીએ, પરંતુ બીજાઓને શબ્દો દ્વારા તેનો બોધ કરાવી શકતા નથી. શબ્દનિરપેક્ષ હોવાથી તે અવ્યપદેશ્ય હોય છે. દયાનંદને સમગ્રતાથી જોવાનું અને શબ્દોના માધ્યમથી બીજાઓને તેનો યથાર્થ ચિતાર આપવાનું કાર્ય મારા જેવા અલ્પમતિ અને સાધારણ માણસ માટે સંભવ નથી. ભગવદ્‌પાદ દયાનંદના વ્યક્તિત્વ અને કૃતિત્વ વિશે કંઇક કહેવું એ મારું દુઃસાહસ જ કહેવાશે – એક કીડીની માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવાની કલ્પના સમાન! "સ્વાન્તઃ સુખાય" લખવામાં આવેલા આ નિબંધના સંદર્ભમાં મારી આવી જ સ્થિતિ છે.

કોઇ પણ વ્યક્તિમાં જોવા મળતાં તમામ લક્ષણોમાંથી સહુમાં જોવા મળતાં લક્ષણોને બાદ કર્યા પછી જે કાંઇ શેષ બચે છે, તેને જ તે વ્યક્તિની લાક્ષણિકતા અથવા વિલક્ષણતા કહેવામાં આવે છે. તેના થકી જ તેની ઓળખ થતી હોય છે. એ જ તેનું વ્યક્તિત્વ (Personality), અને એ જ તેની આગવી ઓળખ (Identity) છે.

દયાનંદની આવી આગવી ઓળખ શી છે? દયાનંદનું જીવન બહુઆયામી છે. પરંતુ તેમની આગવી ઓળખ તો ફક્ત એ જ વાતથી થઇ શકશે, જે તેમની કક્ષાનાં અન્ય મહાપુરુષોમાં જોવા મળતી ન હોય. એ વાતમાં કઇ શંકા નથી કે સમાજ સુધારણાના ક્ષેત્રે દયાનંદે પ્રશંસનીય કાર્ય કર્યું છે. પરંતુ એ કાર્ય તો કબીર, નાનક, રામમોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિબા ફુલે અને કેશવચંદ્ર સેન જેવા અનેક મહાપુરુષોએ પણ પોતપોતાના સ્તર પર કર્યું છે. હિંદી ભાષાના પ્રચાર-પ્રસાર તેમજ સાહિત્ય સર્જનના ક્ષેત્રે દયાનંદના જ સમકાલીન એવા ભારતેન્દુ હરિશ્ચંદ્ર, શ્રદ્ધારામ ફિલ્લોરી, રાજા લક્ષ્મણસિંહ અને નવીનચંદ્ર રોય વગેરેએ ઘણું જ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. દેશના સ્વાતંત્ર્ય માટે અનેક લોકોએ પોતાનું સર્વસ્વ હોમી દીધું છે. રામાયણ, ઉપનિષદ્, ગીતા, દર્શન અને વ્યાકરણ વગેરેના અનેક આચાર્યો થઇ ગયા છે. જેમણે આ મહાન ગ્રંથો ભણવા-ભણાવવાનું તેમજ તેની પર વિદ્વત્તાપૂર્ણ ટીકાઓ લખવાનું અવિસ્મરણીય કાર્ય કર્યુ છે. માટે આ પ્રકારનાં કાર્યોથી દયાનંદની ઓળખ થઇ શકે તેમ નથી. હા, એક વાત જરૂર એવી છે કે જે છેલ્લા પાંચ હજાર વર્ષમાં ન તો અગાઉ કોઇએ કહી છે, અને ન તો આજે પણ કોઇ એ વાત કહે છે. એ વાત છેઃ **'વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા – ભણાવવાન અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.'** વેદ પ્રત્યેની આ દૃષ્ટિ જ મારી દૃષ્ટિએ દયાનંદની વિલક્ષણતા છે, અને આ જ ખરી ઓળખ છે. જો તેમના જીવનમાંથી આ વેદ સંબંધી વાતને અલગ કરી દેવામાં આવે, તો તેઓ અન્ય સમાજસુધારકોમાંના એક બનીને રહી જાય છે. માટે દયાનંદની સાચી ઓળખ એ જ વાતને કારણે છે, જે તેમણે વેદોના સંબંધમાં કહી અથવા કરી અને જેને કારણે તેઓ મહર્ષિ કહેવાયા.

મહાભારતના યુદ્ધના લગભગ બે હજાર વર્ષ અગાઉથી જ વેદો વિશે ભ્રાંતિઓ ઉત્પન્ન થવા માંડી હતી. પરંતુ તે સમયના ઋષિઓની સાવધાનીને લીધે આવી ભ્રાંતિઓનો ખાસ ફેલાવો થઇ શક્યો ન હતો. ત્યાર બાદ થોડા સમય સુધી મહર્ષિ વેદવ્યાસ અને તેમની શિષ્ય પરંપરા વૈદિક જ્ઞાનને તેના સ્વરૂપમાં સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહ્યાં. જૈમિનિ વેદવ્યાસના સાક્ષાત્ શિષ્ય હતા. કદાચ આથી જ દયાનંદે પોતાના ગ્રન્થોમાં અનેક સ્થાને **'બ્રહ્માથી લઇ જૈમિનિ મુનિ પર્યંત'** એવાં શબ્દોનો પ્રયોગ કર્યો છે. આજે વૈદિક વાઙ્‌મયના જે કોઇ મહત્ત્વપૂર્ણ ગ્રન્થો ઉપલબ્ધ છે, એ બધાં તે કાળનાં છે. આ સ્થિતિ જેમ-તેમ કરીને મહાભારતના યુદ્ધ બાદ સો-બસો વર્ષ સુધી જળવાઇ રહી. ત્યાર બાદ વૈદિક યુગ એકદમ જ અસ્ત થવા માંડયો અને તેનું પરિણામ એ આવ્યું કે, માનવજાતિ સેંકડો મત-સંપ્રદાયોમાં વિભક્ત થઇ ગઇ. સાયણાચાર્ય પહેલાંનાં આચાર્યોએ કરેલા વેદાર્થોનું અવલોકન કરવાથી એવું પ્રતીત થાય છે કે યાસ્ક જેવા આપ્ત ઋષિઓની વેદાર્થ પરંપરા થોડાઘણાં અંશે એ આચાર્યો સુધી ટકી રહી. પરંતુ મધ્યયુગ સુધી પહોંચતા સુધીમાં તો વેદોનું પ્રયોજન ફક્ત દ્રવ્યમય યજ્ઞોના અનુષ્ઠાન પૂરતું જ મર્યાદિત બની રહી ગયું. વેદાર્થની આર્ષ પરંપરા આ જ રીતે ધીરે ધીરે હ્રાસ અભિમુખ થઇને લુપ્તપ્રાય થઇ ગઇ.

શતાબ્દીઓ સુધી વૈદિક સાહિત્ય યાજ્ઞિક ધરીની ચારે બાજુ ઘૂમતું રહ્યું. સાયણના સમય (ઇસુની ૧૪મી સદી) સુધીમાં તો એવી હાલત થઇ ગઇ કે, આધ્યાત્મિક તત્ત્વોનું સ્પષ્ટ નિરૂપણ કરતા વેદમંત્રોને પણ પકડી-પકડીને જબરદસ્તીપૂર્વક યજ્ઞ પ્રક્રિયામાં ઘુસાડવામાં આવ્યાં. પરિસ્થિતિ ત્યાં સુધી બગડી કે શતપથ – બ્રાહ્મણ જેવાં વેદ-વ્યાખ્યાન ગ્રંથોમાં પ્રક્ષેપ કરીને તેને દૂષિત કરવાનાં પ્રયાસો પણ થવાં માંડ્યાં. માંસભક્ષણ, મદિરાપાન, પશુબલિ અને ગુપ્તેન્દ્રિય - પૂજન જેવી અનેક આસુરી દુષ્પ્રવૃત્તિઓ બ્રાહ્મણ-ગ્રંથોમાં પાછળથી ઘુસાડવામાં આવી, અને આવી માન્યતાઓ વેદના નામે સમર્થન મળી રહે તે માટે પ્રક્ષેપકર્તાઓએ આ બ્રાહ્મણો-ગ્રંથોને જ 'વેદ'ની સંજ્ઞા ધરી દીધી.

'રાજા કાલસ્ય કારણમ્' અર્થાત્ શાસન-વ્યવસ્થાનો પ્રભાવ નાના-મોટા સૌના પર પડે છે. સાયણ વિજયનગર રાજ્યના પ્રધાનમંત્રી હતા. એમનો યુગ યજ્ઞપ્રધાન હતો અને યજ્ઞોમાં પશુઓની બલિ ચઢાવવી અનિવાર્ય મનાતી. એ યુગમાં પ્રચલિત આવી માન્યતાઓ અને પરંપરાઓના આધારે જ સાયણાચાર્યે વેદોનું ભાષ્ય કર્યું. અને જ્યારે સાયણાચાર્યના મનમાં એ ધારણા બેસી ગઇ કે **'વેદા યજ્ઞાર્થં પ્રવૃતાઃ'** અર્થાત્ વેદમંત્રો યાજ્ઞિક પ્રક્રિયાનું જ પ્રતિપાદન કરે છે, ત્યારે તેઓ પોતાનો સમસ્ત બૌદ્ધિક વૈભવ યાજ્ઞિક પ્રક્રિયા અર્થે સમર્પિત કરી દે તે સ્વાભાવિક હતું. વેદાર્થની ત્રિવિધ પ્રક્રિયામાં યાજ્ઞિક પ્રક્રિયા પણ એક છે, તદાનુસાર પણ મન્ત્રાર્થ કરી શકાય છે.

**ક્રમશઃ... વધુ આવતા અંકે...**

અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ...

રાત્રિકાલીન સત્રમાં આચાર્ય જ્ઞાનેશ્વરજીનું ઉદ્‌બોધન રહ્યું. આચાર્યજીએ વર્તમાન સમયમાં આર્યસમાજનું કર્તવ્ય અને આર્યસમાજી તરીકે જવાબદારીઓ સમજાવી.

શયનમંત્રોના સામૂહિક પાઠ સાથે દ્વિતીય દિવસ પૂરો થયો.

તૃતીય દિવસનો પ્રારંભ યોગ-ધ્યાનથી થયો. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ ઈશ્વરની સાચી ઓળખ આપી ઈશ્વર વિશ્વાસ જગાડયો અને ઈશ્વર સમર્પણ સાથે ધ્યાન કરાવ્યું. સૌએ ધન્યતા અનુભવી.

ત્યાર બાદ દૈનિક યજ્ઞ કરવામાં આવ્યો. યજ્ઞમાં યજમાન પદે બેસવા માટે સર્વપ્રથમ તક તેઓને આપવામાં આવી કે જેઓ પોતાના પરિવારમાં નિયમિત દૈનિક યજ્ઞ કરે છે.

પ્રાતરાશ બાદ શરૂ થયેલ સત્રમાં વિશેષ સન્માન કરવામાં આવ્યાં. જે આર્યો વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાને બિરાજેલ છે, ધર્મપ્રચારમાં વિશેષ યોગદાન આપે છે તેઓને સભાના પદાધિકારીઓના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા. આવું સન્માન મેળવનાર હતાં ૧. શ્રી મહેન્દ્રભાઇ ગાંધી (ગાંધીનગર), ૨. શ્રી છત્રસાલ પરમાર (સુરત-નવસારી) ૩. શ્રી શશીમુનિ (વડોદરા) ૪. શ્રી ભરતભાઇ પટેલ (વડોદરા) અને શ્રી ભગવાન સ્વરૂપ (વડોદરા)

સંમેલનનું સમાપન સત્ર ૧૧ કલાકથી શરૂ કરવામાં આવ્યું. જેનું અધ્યક્ષ સ્થાન પ્રાંતીય સભાના પ્રમુખ માનનીય શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલે શોભાવ્યું. વિશિષ્ઠ અતિથિ તરીકે લકુલીશધામ આશ્રમના અધ્યક્ષ પૂ. સ્વામી પ્રિતમમુનિજી ઉપસ્થિત રહ્યા હતાં.

ભાગ લેનાર આર્યોના પ્રતિનિધિ રૂપે અમુક ભાઇ-બહેનોએ પ્રતિભાવ રજુ કર્યા હતાં, અને આયોજનની પ્રસંશા કરી હતી. શ્રી વાચોનિધિ આર્ય અને શ્રી રણજીતસિંહ પરમારે શુભેચ્છા પાઠવી હતી. સત્રના પ્રારંભમાં ઉપસ્થિત પૂ. સ્વામીજી, આચાર્ય જ્ઞાનેશ્વરજી અને સભા અધ્યક્ષશ્રીના વરદ હસ્તે સંપૂર્ણ વૈદિક ધર્મી આર્ય પરિવારોનું સન્માન કરવામાં આવ્યું. જે આર્ય પરિવારોમાં અવૈદિક, અતાર્કિક માન્યતાઓને તિલાંજલિ આપી વેદાનુકૂલ આચરણ કરવામાં આવતું હોય તેઓને સભા દ્વારા સન્માન પત્ર અને શાલ અર્પણ કરવામાં આવે છે. આ સન્માન પ્રાપ્ત કરનાર પરિવાર હતા ડૉ. ધીરૂભાઇ ભટ્ટ (જામનગર) શ્રી ભરતભાઇ સોની (રાજકોટ) શ્રી હરનારાયણસિંહ (પોરબંદર) શ્રીમતી કીર્તિબેન ભટ્ટને પોતાના વરદ હસ્તે સન્માન અર્પણ કર્યા બાદ પૂ. સ્વામી પ્રિતમમુનિજીએ ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે આપણે પોતાના જીવનમાં યજ્ઞ અને યોગને સ્થાન આપવું જોઇએ. યજ્ઞ કાર્ય સર્વકલ્યાણ માટે છે અને યોગ સ્વકલ્યાણ માટે છે. પરમપિતા પરમાત્માએ માનવશરીરની રચના કેટલી વિશિષ્ટતા સાથે કરી છે. માનવના મગજમાં રહેલાં જ્ઞાન કોષની સંખ્યા આકાશ ગંગામાં રહેલા તારાઓ કરતા પણ વધારે છે. જેના દ્વારા માણસ ઉન્નતિના શિખરો સર કરી શકે છે. આપણું શરીર યજ્ઞકુંડ છે. અમારા લકુલીશ આશ્રમ દ્વારા યોગ અને યજ્ઞના પ્રશિક્ષણ શિબિરો લગાવવામાં આવે છે. લોકોમાં તેનો પ્રચાર કરી યોગ અને યજ્ઞને જીવનનું અંગ બનાવવા પ્રેરણા અપાય છે. પૂ. સ્વામીજીએ ટકોર કરી કે આજે ધર્મના નામે લોકો તન-મન અને ધન ત્રણેય વેડફી રહ્યા છે. ધર્મ જાણે મનોરંજનનું સાધન બની ગયો છે ત્યારે આર્યસમાજ દ્વારા ધર્મનું સાચુ સ્વરૂપ સમજાવવામાં આવે છે, તે પ્રશંસનીય છે.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ સંમેલનનું દીક્ષાંત પ્રવચન આપતા જણાવ્યું કે આપણે ધર્મ અને સંપ્રદાયના ભેદને સ્પષ્ટ સમજવો જોઇએ. મત-પંત સંપ્રદાયની સ્થાપના કોઇ વ્યક્તિ વિશેષ દ્વારા થઇ હોય છે. જેથી તેનાં સ્થાપકના વિચારો-આદેશો-માન્યતાઓ જોડાયેલાં હોય છે. તેથી તેઓમાં એકતા સંભવ નથી. જ્યારે ધર્મ સૌને એક કરે છે. ભેદભાવ મીટાવે છે.

અંતમાં સભા અધ્યક્ષ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલે પરિવાર સ્નેહ મિલનનું મહત્વ સમજાવી ભાગ લેનાર તમામનો આભાર માન્યો હતો. તેમજ સંમેલનને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ કાર્યકર્તાઓ, પૂ. સ્વામી પ્રિતમમુનિજી, આચાર્ય જ્ઞાનેશ્વરજી વગેરેનો આભાર માન્યો હતો.

કૃણ્વન્તો વિશ્વમાર્યમ્‌ના ગાન અને શાંતિપાઠ સાથે આર્ય પરિવાર સ્નેહ મિલન - ૨૦૧૪ - ૧૫ નું સ્વાગત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન સભામંત્રી હસમુખ પરમારે કર્યુ હતું.

## दिल्ली में आयोजित होंगा अंतर्राष्ट्रीय पुस्तक मेला
## आर्ष साहित्य का भारी मात्रा में वितरण किया जाएगा.

प्रगति मैदान दिल्ली में अंतर्राष्ट्रीय पुस्तक मेला १४ फरवरी २०१५ से २२ फरवरी तक लगने जा रहा है। दिल्ली आर्य प्रतिनिधि सभा १५ हनुमान रोड, नई दिल्ली के द्वारा भी वैदिक साहित्य के विक्रय एवं प्रचार हेतु दुकनें लगाई जा रही है। जो कि प्रचार हेतु छूट पर दी जाएगी। कुछ साहित्य पर विशेष छूट भी दी जाएगी। तथा महर्षि दयानन्द सरस्वती प्रणीत कालजयी ग्रन्थ सत्यार्थ प्रकाश को प्रचारार्थ मात्र १०/– रुपये में उपलब्ध कराया जाएगा। आप सभी बच्चों सगे सम्बन्धियों एवं इष्ट मित्रों सहित वैदिक साहित्य क्रय कर वेद, धर्म, शिक्षा, संस्कृति एवं सभ्यता तथा अपने प्राचीन भारतीय गौरव का ज्ञान प्राप्त कर स्वयं लाभ उठाएँ और दूसरों को भी प्रेरणा दे।

## આર્યસમાજ ઉધના - સુરત દ્વારા સત્યાર્થ પ્રકાશ મહોત્સવ ઉજવાયો

આર્યસમાજ ઉધના-સુરત દ્વારા ગત તા. ૧૩ થી ૧૮ જાન્યુઆરી ૨૦૧૫ સત્યાર્થ પ્રકાશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દરરોજ યજ્ઞ અને યોગ તથા આયુર્વેદનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. વિશેષરૂપે સત્યાર્થ પ્રકાશનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો. સત્યાર્થ પ્રકાશ ગોષ્ઠી રાખવામાં આવી.

વૈદિક વિદ્વાન ડૉ. સમદેવ શાસ્ત્રીનો લાભ બહોળી જનતાને મળ્યો. સ્વામી શાંતાનંદજી (ભવાનીપુર) એ ધ્યાન-ઉપાસના કરાવી હતી.

પૂર્ણાહૂતિ કાર્યક્રમ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન શ્રી સુરેશચંદ્ર અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયો. વિશેષ અતિથિ શ્રી અશોક આર્ય (કાર્યકર્તા પ્રધાન સત્યાર્થ પ્રકાશન્યાસ - ઉદયપુર) ઉપસ્થિત રહ્યા હતાં. સભામંત્રી હસમુખ પરમાર, ઉપપ્રધાન શ્રી ઋતપ્રિય આર્ય અને શ્રી રણજીતસિંહ પરમાર તેમજ આર્યસમાજ જામનગરના મંત્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના મુખ્ય સંયોજક ડૉ. ઉમાશંકર આચાર્ય હતાં. શ્રીમતી ગીતા આર્યા અને અન્ય કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

## વૈદિક ગુરુકુલ ભવાનીપુર (કચ્છ)ને પ્રાંતીય સભા દ્વારા પ્રચાર વાહન ભેટ

કચ્છ ક્ષેત્રમાં આવેલ સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપુર (તા.અબડાસા) સાથે સ્વામી શાંતાનંદજી સરસ્વતી જોડાયા છે, ત્યારથી ગુરુકુલની ઉત્તરોત્તર પ્રગતિ થઇ રહી છે. તેમજ સ્વામીજી કચ્છ જિલ્લામાં સતત પ્રચાર યાત્રા કરતા રહે છે. આથી તેઓને પ્રચાર કાર્યમાં સુવિધા રહે અને પ્રચારને વેગ મળે તે ભાવનાથી પ્રરાઇને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ પ્રચાર વાહન – **વેદ પ્રચાર રથ** – ભેટ આપેલ છે. આ વાહન (મારૂતિ - ઇકો) ખરીદવામાં મુખ્ય સહયોગ સભા પ્રધાન શ્રી સુરેશચંદ્રજી અગ્રવાલનો રહ્યો છે. જેમાં ગુજરાતની વિભિન્ન આર્યસમાજોએ યોગદાન આપી સભાના કાર્યને સફળ બનાવેલ છે. સહયોગ આપનારનો સભા આભાર માને છે.

## આર્યસમાજ – ટંકારા દ્વારા સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકનાં પ્રવચનો યોજાયા

દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના નિર્દેશક સ્વામી વિવેકાંદ પરિવ્રાજક સૌરાષ્ટ્ર યાત્રા અંતર્ગત ગત તા.૭ જાન્યુ ૨૦૧૫ના રોજ ટંકારા પધારતા તેમના આધ્યાત્મિક પ્રવચનોનું આયોજન વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું. પ્રથમ પ્રવચન ટંકારાની શૈક્ષણિક સંસ્થા ઓરપેટ કન્યા વિદ્યાલયમાં યોજાયું જેનો ૫૦૦ જેટલી કન્યાઓ, શિક્ષકગણ તથા સંચાલકોએ લાભ લીધો દ્વિતીય પ્રવચન સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં યોજાયું. જેનો લાભ વિજ્ઞાન પ્રવાહનાં ૧૫૦ જેટલાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ લીધો. તૃતીય પ્રવચન લાઇફ લિંકસ વિદ્યાલય ખાતે યોજાયું. જેનો લાભ ધો. ૯ થી ૧૨ ના ૩૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઇ-બહેનો અને શિક્ષણગણ તથા સંચાલકોને મળ્યો. ચોથુ અને અંતિમ પ્રવચન આર્યસમાજ મંદિર - ટંકારાના મહત્મા આર્ય ભિક્ષુ યજ્ઞ-સત્સંગ ભવનમાં યોજાયું. જેમાં આર્યસમાજનાં અધિકારીઓ-સદસ્યો તથા બહોળી સંખ્યામાં સત્સંગ પ્રેમી ભાઇ-બહેનો અને યુવાનો હાજર રહ્યા.

દરેક પ્રવચનમાં અંતે શંકા સમાધાન પણ રાખવામાં આવ્યું. શ્રોતાઓએ જિજ્ઞાસા પ્રેરક પ્રશ્નો પૂછી સમાધાન પ્રાપ્ત કર્યું.

## આર્યવીર દળ ગુજરાતનું ગૌરવ પુશ અપમાં વિશ્વવિક્રમ

આર્યવીર દળની વાર્ષિક પ્રશિક્ષણ શિબિરોમાં ભાગ લઇને પ્રેરણા મેળવનાર જામનગરના આર્યવીર મિલન ભરતભાઇ કુબાવતે પોતાની રૂચિને લક્ષ્ય સુધી પહોંચાડી તાજેતરમાં પોંડિચેરી ખાતે જાન્યુઆરી - ૨૦૧૫ના પ્રથમ વખત યોજાયેલ વર્લ્ડ રેકોર્ડ ફેસ્ટીવલમાં ભાગ લીધો હતો. જેમાં તેમણે ૪ (ચાર) નવા રેકોર્ડ સાથે વર્લ્ડ રેકોર્ડ નોંધાવી વિશ્વ કક્ષાએ આર્યસમાજ અને આર્યવીર દળનું નામ રોશન કર્યુ છે. આર્યવીર મિલન કુબાવતે ૧ મિનિટમાં બે આંગળી પર ૮૮ પુશ અપ, કાંડા પર ૧૩૬ પુશ અપ, મુઠી વાળીને ૧૨૦ પુશ અપ અને પીઠ પાછળ ૨૨ પાઉન્ડનો વજન રાખી ૬૫ પુશ અપ કરી સૌની પ્રશંસા મેળવી હતી. આ પ્રસંગે પોંડિચેરી ખાતે લાઇફ સ્ટાઇલ મીડિયા તથા મુરક્યુરી ચેનલ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવેલ હતું.

આ તમામ રેકોર્ડ તથા ડીગ્રીને ધ્યાનમાં લઇ વર્લ્ડ રેકોર્ડ યુનિવસિસર્ટી (યુ.કે.) દ્વારા આર્યવીર મિલન કુબાવતની પુશ અપ ઉપર પી. એચ. ડી.ની ડી.ગ્રી. માટે પસંદગી કરાઇ હતી.

આર્યવીર મિલન કુબાવતને પ્રોત્સાહન આપવામાં વૈદિક મિશન ટ્રસ્ટ (પ્રાંસલા), શિવયોગ સંસ્થા વગેરેનો પણ સહયોગ મળ્યો હતો. આર્યવીર મિલન કુબાવતને ગુ. પ્રાં આ. પ્ર. સભાના પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, સભામંત્રી અને આર્યવીર દળ ગુજરાતના સંચાલક હસમુખ પરમાર, આર્યસમાજ જામનગરના મંત્રી ડૉ. અવિનાશ ભટ્ટ વગેરેએ અભિનંદન આપ્યા હતા.

## આર્યસમાજ વલસાડ (દ. ગુજ.)માં સ્વામી શાન્તાનન્દજીનું પ્રવચન યોજાયું...

ગુજરાતની સૌથી જૂની આર્યસમાજોમાં જેની ગણતરી થાય છે તે આર્યસમાજ વલસાડ (દક્ષિણ ગુજરાત)માં ગત દિવસોમાં સ્વામી શાન્તાનન્દજી સરસ્વતીનું પ્રવચન રાખવામાં આવ્યું. ડૉ. ઉમાશંકરજી યોગાચાર્ય (ઉધના-સુરત)ની પ્રેરણાથી વલસાડનાં આર્ય ભાઇઓના લાભાર્થે આ આયોજન કરવામાં આવ્યું, તેમજ નિયમિત રીતે આ પ્રકારના સત્સંગો યોજવા નક્કી કરવામાં આવ્યુ.

# આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**પુસ્તકનું નામ : પૂના - પ્રવચન (ઉપદેશ મંજરી)**

**રચના કાળ - (પ્રવચન) ૨૦ જૂન થી ૫ સપ્ટેમ્બર ૧૮૭૫, ભાષા - હિન્દી**



**પરિચય :** આ ગ્રન્થ મહર્ષિ દયાનંદે આપેલાં પ્રવચનોનું સંકલન છે. સંશોધકોના મતે મહર્ષિજીએ પૂનામાં ૫૪ પ્રવચનો આપ્યાં હતાં. જે પૈકી ૧૫ પ્રવચનોનું સંકલન થઇ શક્યું હતું. સ્વામીજીનાં પ્રવચનોનો અહેવાલ સ્થાનિક મરાઠી સમાચાર પત્રોમાં છપાતો હતો. જેનો મરાઠી ભાષામાં અનુવાદ પૂના હાઇસ્કૂલના સહાયક આચાર્ય શ્રી ગણેશ જનાર્દન આગાશએ કર્યો હતો. ત્યાર બાદ તેનો સંગ્રહ અને સંપાદન તત્કાલીન પ્રસિદ્ધ વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી મહાદેવ ગોવિંદ રાનાડેએ કર્યું. તેનો હિન્દી અનુવાદ મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ શ્રી પં. ગણેશ રામચન્દ્રએ કર્યો અને તેનું સર્વપ્રથમ પ્રકાશન રાજસ્થાન આર્ય પ્રતિનિધિ સભાએ સન્ ૧૮૮૩માં કરાવ્યું હતું. જો કે ત્યાર પહેલાં આ ગ્રંથનું પ્રકાશન મરાઠીમાંથી ગુજરાતી ભાષામાં "**સ્વામી દયાનંદ સરસ્વતીનું ભાષણ**"એ નામે સન્ ૧૮૮૧ માં પ્રકાશન થયેલ હતું. વર્તમાનમાં પૂરા ગ્રંથનો હિન્દીમાંથી ગુજરાતી અનુવાદ શ્રી દયાલમુનિ આર્ય (ટંકારા)એ કરેલ છે. આ ગ્રન્થ હિંદી, ગુજરાતી તથા અન્ય પ્રાદેશિક ભાષામાં પ્રાપ્ય છે.



## આર્યવીર - ટંકારા દળ દ્વારા
# ૨૫ મી દેશભક્તિ સ્પર્ધા યોજાઇ...

આર્યસમાજ ટંકારા દ્વારા સંચાલિત આર્યવીર દળ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ૨૫ જાન્યુઆરીના રોજ ટંકારા અને આસપાસનાં ગામોનાં રાષ્ટ્રપ્રેમી યુવાઓ માટે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. તદનુસાર ચાલુ વર્ષની સ્પર્ધા ગત તા.૨૫-૧-૨૦૧૫ રવિવારના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી રાખવામાં આવી. સ્પર્ધક તરીકે ભાગ લેવા માટે ૧૩૬ નું નામાંકન થયું જેનો પસંદગી રાઉન્ડ તા. ૨૨-૧-૨૦૧૫ ના રોજ આર્યસમાજ મંદિર ખાતે રાખવામાં આવ્યો. જેમાંથી પસંદગીકારોએ અલગ-અલગ ૪ વિભાગો માટે ૨૮ સ્પર્ધકોની પસંદગી કરી.



જેઓની અંતિમ અને મુખ્ય સ્પર્ધા તા.૨૫-૧-૨૦૧૫ ના રોજ મહર્ષિ દયાનંદ ચોકમાં રાખવામાં આવી. આ સ્પર્ધા ટંકારાનાં ગ્રામજનો માટે ચિરપરિચિત અને આકર્ષણ ઉપજાવનારી રહેતી હોવાથી સ્પર્ધકોની અભિવ્યક્તિ જોવાં - માણવાં અને પ્રોત્સાહિત કરવાં સેંકડોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે. જેમાં આસ-પાસના ગામનાં લોકોની પણ નોંધપાત્ર હાજરી રહે છે.



આશરે એકાદ હજાર રાષ્ટ્રપ્રેમી લોકોની હાજરીમાં આ વર્ષે સંપન્ન થયેલ સ્પર્ધામાં વિજેતા થનાર હતાં.

ગુરુકુલ વિભાગ (અ) : પ્રથમ : બ્ર. દેવેન્દ્ર આર્ય, દ્વિતીય : બ્ર. નીતિન આર્ય.

ગુરુકુલ વિભાગ(બ): પ્રથમ : બ્ર. વિવેક આર્ય

વિદ્યાલય વિભાગ(અ): પ્રથમ : ઉમરેઠીયા શાહિદ, દ્વિતીય: ઝાલા મયુરસિંહ, તૃતીય : કારાવડિયા ભાવિક

વિદ્યાલય વિભાગ(બ): પ્રથમ : રાઠોડ નીતા, દ્વિતીય: મકવાણા આશા, તૃતીય : ખોખાણી સિદ્ધાર્થ

તમામ વિજેતાઓને આર્યવીર દળ - ટંકારા દ્વારા શીલ્ડ, સ્પીડ કોમ્પ્યુટર - રાજકોટ દ્વારા સ્કૂલ બેગ, કુમકુમ નોવેલ્ટી સ્ટોર - ટંકારા, રૂપસુંદરી નોવેલ્ટી, શ્રીજી મોબાઇલ, ત્રિનીટી સિરામિક, રજનીકાંત મોરસાણીયા તરફથી ગિફ્ટ તેમજ તમામ સ્પર્ધકોને ડૉ. જીવાણી સાહેબ તથા સરપંચ શ્રી ધર્મેન્દ્રભાઇ ત્રિવેદીએ ૧૦૦-૧૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર આપ્યાં હતાં. તેમજ દાતાઓએ પણ રોકડ પુરસ્કાર તથા આયોજન માટે સંસ્થાને દાન આપી પોતાની ઉદારતાનો પરિચય આપ્યો હતો.

નિર્ણાયક તરીકે રમેશકુમાર કૈલા, ભગીરથસિંહ ઝાલા અને વિક્રમસિંહ ઝાલા એ સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન હાસ્ય કલાકાર ભરતભાઇ વડઘાસિયાએ કર્યુ હતું.

સ્પર્ધામાં વિશેષ આમંત્રિતો તરીકે સ્વાતંત્ર્ય સેનાની ગિજુભાઇ વ્યાસ, આચાર્ય રામદેવ શાસ્ત્રી, ટંકારા ગામના સરપંચ શ્રી ધર્મેન્દ્રભાઇ ત્રિવેદી, ડૉ. જીવાણી સાહેબ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો, શિક્ષકો વગેરે હાજર રહ્યાં હતાં.

# અમદાવાદમાં યોજાઇ આર્યવીર દળની શોભાયાત્રા

આર્યસમાજ કાંકરિયા અમદાવાદના સહયોગથી આર્યસમાજ ચમનપુરા - અમદાવાદ દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે આર્યવીર દળની શોભાયાત્રા રાખવામાં આવેલ હતી. આર્યવીર દળ - અમદાવાદ દ્વારા આ કાર્યક્રમને **એક શામ ગણતંત્ર કે નામ** આપવામાં આવ્યું હતું. જેમાં સર્વપ્રથમ શ્રી સંજય આર્યના બ્રહ્મત્વમાં યજ્ઞ કરવામાં આવ્યો. બાદમાં પ્રધાનજીએ ઓમ પતાકાથી શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.જેમાં આર્યવીરો જોડાયા હતાં. પૈદલ તથા મોટરસાયકલ સાથે શોભાયાત્રા વિવિધ માર્ગો પર ફરી હતી અને નગરજનો સમક્ષ આર્યવીરોએ પોતાના કરતબ બતાવી સૌની પ્રશંસા મેળવી હતી.



અમદાવાદની તમામ આર્યસમાજો પોત-પોતાના બેનર સાથે તથા અનેક વિદ્યાલયોનાં આચાર્યો, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતાં. બાલભારતીનાં બાળકોએ બેન્ડ દ્વારા વાતાવરણમાં જોશ ભરી દીધું હતું.

આર્યસમાજ ચાંદલોડિયાએ બળદ ગાડાં પર યજ્ઞ શાળાનો ફ્લોટ બનાવી અવિરત યજ્ઞ ચાલુ રાખ્યો હતો. અન્ય બળદગાડાંઓ ઉપર આર્યસમાજ ચમનપુરાનાં બાળકોએ મહર્ષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદ, પં. લેખરામ, સુભાષચંદ્ર બોઝ, સરદાર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, રાણી લક્ષ્મીબાઇ વગેરે મહાપુરુષોની ઝલક રજુ કરી હતી. સમાપન સમયે ૨૬ જાન્યુ. ૨૦૦૧ ભૂકંપમાં મૃત્યુ પામેલાંને શ્રદ્ધાંજલિ આપી ૧૦૧ દીપક પ્રગટાવવામાં આવેલ હતાં.



# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

ओ३म् सह नाववतु सह नौ भुनक्तु
सह वीर्य्यं करवावहै।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै।
ओ३म् शान्तिः शान्तिः शान्तिः ॥

ગતાંકનું ચાલુ...

– तैत्तरीयारण्यके ब्रह्मानन्दवल्ली प्रपा० १० । प्रथमानुवाकः ।।


**વ્યાખ્યા :** सह नौ भुनक्तु આપ (અમને પરમ આનંદના ભોક્તા બનાવો) અને અમે પરસ્પર પરમાનંદ ભોગવીએ. અમે લોકો અરસપરસ હિતકામનાપૂર્વક આનંદ ભોગવીએ. આપ અમને આપના પરમ આનંદના ભાગીદાર બનાવો. તે આનંદથી અમને એક ક્ષણ પણ જુદા ન રાખો.

सह वीर्य्य करवावहै આપની સહાયતાથી પરમ વીર્ય કે જે સત્યવિદ્યા છે, તેને (અમે) પરસ્પર પરમ પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કરીએ.

तेजस्विनावधीतमस्तु હે અનંત વિદ્યામય ભગવાન્! આપની કૃપાદષ્ટિથી અમારું પઠન-પાઠન પરમ વિદ્યાયુક્ત બને અને સંસારમાં સર્વથી અધિક પ્રકાશિત બને. વળી એક-બીજા સાથે પ્રીતિપૂર્વક પરમ વીર્ય-પરાક્રમથી કંટકરહિત ચક્રવર્તી રાજ્ય ભોગવીએ. અમારામાં સર્વ નીતિમાન અને સજ્જન પુરુષ બને અને આપ અમારા પર અત્યંત કૃપા કરો કે જેથી અમે લોકો અનેક પ્રકારના પાંખડ, અસત્ય અને વેદવિરુદ્ધ મતોનો જલદી ત્યાગ કરી એક સત્ય સનાતન મતવાળા બનીએ, જેથી કરીને સમસ્ત વૈરભાવનું મૂળ જે પાખંડમત છે, તે સર્વનો તત્કાળ પ્રલય (નાશ) થાય. **ક્રમશઃ...**




# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધ વિશ્વાસ -** **ઘર-દુકાન, મંદિરોમાં દીપક અને અગરબત્તી પ્રગટાવવાથી ભગવાન પ્રસન્ન થાય છે.**

**નિવારણ -** પ્રસન્ન-અપ્રસન્ન તો તે થાય છે કે જે અલ્પજ્ઞ છે. પ્રસન્નતા ત્યારે થાય છે કે જ્યારે ઇચ્છિત વસ્તુ કે ફળની પ્રાપ્તિ થાય છે, અને જ્યારે કોઇ વસ્તુ ન મળે અથવા હોય તે જતી રહે તો અપ્રસન્નતા થાય છે. ઇશ્વર તો પરિપૂર્ણ છે, તેની પાસે કોઇ વસ્તુની કમી નથી. ઇશ્વર સર્વજ્ઞ છે, પૂર્ણજ્ઞાની છે, આથી તેને દુઃખી થવું કે સુખી થવાનો પ્રશ્ન જ નથી. ઇશ્વર હંમેશા એકરસ રહે છે. તેનામાં કોઇ બાબતનો વધારો કે ઘટાડો થતો નથી. જે પરમપિતા પરમાત્મા સૂર્ય વગેરે ગ્રહોને પ્રકાશિત કરે છે, શું તેને આપણે દીપક બતાવીને પ્રસન્ન કરી શકીએ ?

મનુષ્ય સ્વાર્થી સ્વભાવનું પ્રાણી છે. તે જે કંઇ કરે છે તે પોતાના સ્વાર્થને માટે કરે છે. તે પ્રભુ સ્મરણ કરે તો પણ તેમાં તેનો સ્વાર્થ સમાયો હોય છે.

ભાઇઓ અને બહેનો! દીપક, અગરબત્તી, ધૂપ વગેરે જે આપણે પૂજામાં સળગાવીએ છીએ, તે બધુ યજ્ઞકર્મ ન કરવાનું બહાનું છે. યજ્ઞકર્મમાં દીપક પ્રગટાવામાં આવે છે તે અગ્નિ પ્રજ્વલિત કરવાને માટે. સામગ્રીમાં સુગંધિત વસ્તુઓનું મિશ્રણ હોય છે, જેની અગ્નિમાં આહુતિ આપવાથી વાયુમંડળમાં સુગંધ ફેલાય છે. આથી ઘરમાં પવિત્રતાનું વાતાવરણ ઉત્પન્ન થાય છે અને વિષયુકત પ્રદૂષણ દૂર થાય છે. ઘીના પરમાણું અનેક રોગોને ઘરમાં આવવાથી રોકે છે.

આજે લોકો પાસે યજ્ઞ જેવાં પવિત્ર કાર્ય કરવાનો સમય નથી, આથી દીપક, ધૂપ, અગરબત્તી કરે છે. જે યજ્ઞનું બગડેલું સંક્ષિપ્ત રૂપ છે. દીપક, ધૂપ, અગરબત્તી કરવા એ યજ્ઞકાર્યના વિરૂદ્ધ છે તેવું નથી, એ કરવાથી અલ્પ માત્રા પણ લાભ થાય છે. પરંતુ એવું કરનારે પોતના મગજમાંથી એ વિચાર દૂર કરી દેવો જોઇએ કે દીપક વગેરે કરવાથી ઇશ્વર પ્રસન્ન થશે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**प्रति,** ____________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद E : gujaratsabha@gmail.com की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद-३८००२२ से प्रकाशित,
• सम्पादक-सुरेशचन्द्र अग्रवाल • सहसम्पादक : हसमुख परमार - ९८७९३ ३३३४८ • व्यवस्थापक : प्रविण ठाकर - ९४२८२ ०२४५८

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 વિ | | | ત્ર | ■ | 2 | | નો | | ણ: |
| જ | | દ | | ■ | 3 | | | | ■ |
| ■ | ■ | ■ | ■ | 4 | તિ | | | ખ | ■ |
| 5 | ગી | | | શ્રી | | | ચં | | ■ |
| | કુ | | ■ | 6 | વ | | ન | | ઠ |
| ■ | ■ | ■ | 7 | ર્મ | | | બા | ■ | ■ |
| 8 | મ | પ્ર | | દ | ■ | 9 અ | | | ર |
| 10 | કા | | મૃ | | ■ | 11 ૧ | ૮ | | |

**દરેક આડી લાઇન :**

૧. બંને આંખો જમણી અને ડાબી ક્યા નામથી ઓળખાય છે. (૪-૪)
૨. ભારતીય જળ સેનાનું ધ્યેય વાક્ય શું છે ? (૫)
૩. ૪૩૨૦૦૦ વર્ષ ચાર માંથી ક્યા યુગનાં છે. (૪)
૪. આત્માની ઇચ્છાઓને શાંત કરવાની ક્ષમતા ક્યા સુખમાં નથી. (૫)
૫. અર્જુન અને દુર્યોધનના સલાહકાર કોણ કોણ હતાં. (૯ - ૩)
૬. ચાર પીઠમાં જગન્નાથપૂરીમાં કઇ પીઠ છે. (૬)
૭. આ ઢોંગી બાબા ખાવા પીવાની સલાહ આપી દુઃખ દૂર કરે છે. (૫)
૮. મહારાણા પ્રતાપના હાથીનું નામ શું હતું. (૫)
૯. અંતઃકરણ ચતુષ્ટયમાં મન, બુદ્ધિ, ચિત્ત અને ચોથું ક્યું અવયવ છે. (૪)
૧૦. સ્વાભાવિક મૃત્યુથી અલગ જે મૃત્યુ થાય છે તે ક્યા નામથી ઓળખાય છે. (૫)
૧૧. સુભાષચંદ્ર બોસનો જન્મ કઇ સાલમાં થયો હતો. (૪)

**આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

## ગુજરાતનાં પ્રત્યેક ગામોમાં વેદોની સ્થાપનાનું અભિયાન ગતિમાં

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ નિર્ણય કર્યો છે કે ગુજરાતનાં પ્રત્યેક ગામોમાં વેદો સ્થાપિત કરવા.

ગત તા. ૨૧ જાન્યુઆરીના રોજ ચુડા તાલુકાની વેદયાત્રાનો સમાપન કાર્યક્રમ રાખવમાં આવ્યો. જ્યાં તા.૧૬ થી ૨૧ જાન્યુ. સુધી વેદકથાનું આયોજન કરવામાં આવ્યું. પૂર્ણાહૂતિ પ્રસંગે બહુકુંડી યજ્ઞ રાખવામાં આવ્યો. ચુડા ગામનાં પ્રસિદ્ધ ફૂલેશ્વર મહાદેવના મંદિરનાં પટ્ટાંગણમાં આયોજિક પૂર્ણાહૂતિ કાર્યક્રમની અધ્યક્ષ સ્થાને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનાં પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ બિરાજ્યાં હતાં, અને વિશેષ આમંત્રિત તરીકે સભામંત્રી શ્રી હસમુખ પરમાર અને બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર પ્રચાર યાત્રાને અલગ-અલગ રૂટમાં વિભાજિત અને સંચાલિત કરવાની મુખ્ય જવાબદારી તથા વેદકથાના પ્રવક્તા તરીકે આચાર્ય આર્યબંધુ રહ્યાં હતાં. તેમને શ્રી ઘનશ્યામભાઇ આર્ય અને શ્રી ચમનભાઇ પટેલનો સહયોગ મળ્યો હતો.

વેદ પ્રચાર યાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ્‌ના પ્રાંતીય મહામંત્રી શ્રી બકુલભાઇ ખાખી, શ્રી કનુભાઇ દવે, શ્રી નટુભાઇ લકુમ, શ્રી ચંદુભાઇ વાળા આશીર્વચન પાઠવવા અજીતદાસજી (બોટાદ), ગોવિંદરામજી (ચુડા), નટુભારથી મહારાજ (ચુડા) વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. દીપકભાઇ દવેએ વ્યવસ્થા સંભાળી હતી. તેમજ શ્રી મહીપતસિંહ પરમારે બેનરનાં ખર્ચની જવાબદારી લીધી હતી.

**આપના સમાચાર પત્ર દ્વારા નીચેના સરનામે મોકલવા વિનંતી.**
**આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા.**
**જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦**

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

- આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪-૧૫ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.
- જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.
- લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.

**પ્રવીણભાઇ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઇ-મેઇલ આઇડી પર મોકલવા નમ્ર વિનંતી.**
alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com

**ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનું ઇ-મેઇલ એડ્રસ**
gujaratsabha@gmail.com

## શબ્દકોઠાનો જાન્યુઆરી-૧૫ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ૧ | ૯ | ૦ | ૨ | ■ | 2 રો | લે | ટ | એ | કટ |
| 3 મ | હ | ર્ષિ | સ્વા | મી | દ | યા | નં | દ | ■ |
| 4 હ | રિ | શ્ચ | ચં | દ્ર | ■ | 5 રા | જ | પુ | ત |
| ઇ | ન્દ્ર | ■ | ■ | ■ | 6 વા | ન | પ્ર | સ્થ | ■ |
| ■ | ■ | 7 અ | સ | ગ | રી | બે | ગ | મ | ■ |
| 8 10 શુ | દ્ધિ | આં | દો | લ | ન | ■ | 9 સં | ન્યા | સ |
| કૃ | ણ્ | વ | ન્તો | વિ | શ્વ | મા | ર્ય | મ્ | ■ |
| 11 અ | બ્દુ | લ | ર | શી | દ | ■ | ■ | ■ | ■ |